FREE...FREE...FREE...
૨ કુકરની ખરીદી પર ૧ કુકર ફ્રી
VINOD Pressure Cooker
*T&C Applied
પરમાનંદ સ્ટીલ સેન્ટર
ખાદી ભંડાર સામે, રણજિત રોડ, જામનગર.
Phone : 94 84 60 65 65

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gty. 361001
www.nobat.com
જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક
Page 8 Price : ₹ 3.50
# નોબત
NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),
8 JANUARY 2026, THURSDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 201

ડિઝાઈનર કુર્તિમાં
✓ ઓફિસ વેર
✓ ફેસ્ટિવલ વેર
✓ કેઝ્યુલ વેર
✓ સ્કર્ટ પ્લાઝો સેટ
અને બાંધણી પ્રોડક્ટસ તો ખરીજ
આ બધું એકજ જગ્યાએ....
MAHAVIR BANDHANI (Since 1904)
Home of Authentic Bandhani Products.

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752




## કાર્ટુન કોર્નર
સંજય કોરીયા




**સંગઠિત ગેંગ દ્વારા ૪૦ સરકારી વિભાગો-રેલવે તથા સુરક્ષાદળોમાં નોકરીના નકલી કોલ લેટર મોકલીને ઠગાઈ: વિશ્વાસ સંપાદન કરવા પ્રારંભિક પગાર પણ ચુકવતા !**

# સરકારી નોકરીના નામે દેશવ્યાપી કૌભાંડ: ઈડીના રાજકોટ સહિત ૧૫ શહેરોમાં દરોડા

*નવી દિલ્હી તા. ૮: સરકારના વિવિધ વિભાગો અને રેલવે સુરક્ષાદળોમાં સરકારી નોકરીના નામે મોટું કૌભાંડ ઝડપાયુ છે, જેના સંદર્ભે ગુજરાત સહિત ૬ રાજ્યોમાં ઈડીએ દરોડા પાડ્યા છે, અને તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે.*

## ગુજરાત, યુ.પી., કેરળ, બિહાર, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં તપાસનો ધમધમાટ

દેશમાં સરકારી નોકરીના નામે ચાલી રહેલા કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ આજે સવારથી ગુજરાત સહિત ૬ રાજ્યોના ૧૫ શહેરોમાં દરોડા પાડ્યા છે. ઈડીએ આ દરોડા સરકારી નોકરીઓ આપવાના નામે ચાલી રહેલા કૌભાંડને લઈને પાડ્યા છે. આ હેઠળ એક સંગઠિત ગેંગ સરકારી નોકરીઓ આપવાના નામે લોકો સાથે ઠગાઈ કરતી હતી. તેમના દ્વારા લોકોને નકલી એપોઈન્ટમેન્ટ લેટર અને કોલ લેટર વગેરે જારી કરવામાં આવી રહ્યા હતા.

આ કૌભાંડ ખાસ કરીને ભારતીય રેલવે અને ૪૦ અન્ય સરકારી વિભાગોમાં ભરતીના નામે ચાલી રહ્યું હતું. રેલવે ઉપરાંત ટપાલ વિભાગ, વન વિભાગ, કર વિભાગ, હાઈકોર્ટ, જાહેર બાંધકામ વિભાગ, બિહાર સરકાર, ડીડીએ અને રાજસ્થાન સચિવાલય વગેરેના નામ પર આ ઠગાઈ કરવામાં આવી રહી હતી. આ ગેંગ નકલી ઈમેલ એકાઉન્ટ બનાવીને લોકોને એપોઈન્ટમેન્ટ લેટર મોકલતી હતી. એવા ઈમેલ એડ્રેસ તૈયાર કરવામાં આવતા હતા જેને જોઈને લાગતું હતું કે, ખરેખર કોઈ સરકારી વિભાગ દ્વારા મોકલવામાં આવ્યા છે. એટલું જ નહીં લોકોને વિશ્વાસમાં લેવા માટે આ ફ્રોડ ગેંગે કેટલાક લોકોના ખાતામાં ૨ થી ૩ મહિનાની સેલેરી પણ મોકલી હતી. આ લોકોને આરપીએફ, ટીટીઈમાં નોકરી આપવાની લાલચ આપવામાં આવી હતી. બે થી ત્રણ મહિનાના પગારના નામે તેમને પૈસા પણ ટ્રાન્સફર કરવામાં આવતા હતા. આના નામે તેઓ ઠગાઈ કરતા હતા. રેલવેમાં ટેકનિશિયન જેવી પોસ્ટ પર પણ આ ઠગાઈ કરવામાં આવતી હતી.

હાલમાં ઈડી આ મામલે બિહાર, બંગાળ, યુપી, તમિલનાડુ, ગુજરાત અને કેરળમાં દરોડા પાડી રહી છે. આ ૬ રાજ્યોના કુલ ૧૫ શહેરોમાં ઈડીના દરોડા ચાલુ છે. યુપીના ગોરખપુરમાં ઈડીએ ૨ સ્થળોએ દરોડા પાડ્યા છે. આ ઉપરાંત અલ્હાબાદમાં એક અને લખનઉમાં એક સ્થળે દરોડા ચાલી રહ્યા છે.

બિહારમાં મુઝફ્ફરપુરમાં એક અને મોતીહારીમાં પણ બે સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં પણ આ ગેંગના બે ઠેકાણાઓ વિશે માહિતી મળી છે. અહીં દરોડા ચાલી રહ્યા છે. આ ઉપરાંત તમિલનાડુના ચેન્નાઈ અને ગુજરાતના રાજકોટમાં પણ દરોડા ચાલી રહ્યા છે. કેરળના પણ ૪ શહેરોમાં ઈડીએ દરોડા પાડ્યા છે.

## શેરી-શહેરી શ્વાન સહિતના મુદ્દે, સરકાર, સમાજ, સામાન્યજનને સ્પર્શતા "સુપ્રિમ" ફેંસલાઓ...

આઝાદ ભારતમાં બંધારણીય અને લોકતાંત્રિક વ્યવસ્થાઓ વધુને વધુ સુદૃઢ થતી જાય છે, તેનું કારણ આપણાં દેશની સર્વસમાવેશી અને વસુધૈવ કુટુંબકમ્‌ની પરંપરાગત પ્રાચીન સંસ્કૃતિ છે, અને આપણાં દેશની વિધેયિકા, ન્યાયતંત્ર અને સંસદના ત્રિવેણી સંગમમાં હવે પ્રેસ-મીડિયા-જનભાવનાઓની પણ મહત્વપૂર્ણ ભૂમિકા છે, તેવામાં તાજેતરમાં કેટલીક હાઈકોર્ટો તથા દેશની સર્વોચ્ચ અદાલતે કેટલાક સિમાચિન્હરૂપી દૂરગામી અસરો પાડતા ચૂકાદાઓ અથવા અવલોકનો આપ્યા છે, જેની સમાજ, સરકાર અને સામાન્ય જનતા પર સીધી અસરો પડવાની છે.

સુપ્રિમકોર્ટે એક તાજા ફેંસલામાં જણાવ્યું છે કે જનરલ

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

**કોરોના મહામારીના કારણે વિલંબ થયા પછી ડિજિટલ સિસ્ટમ તૈયાર કરવામાં ટાઈમ લાગ્યો**

# દેશમાં પહેલી એપ્રિલ-૨૦૨૬થી પ્રથમવાર ડિજિટલી વસ્તી ગણતરીનો થશે પ્રારંભ

નવી દિલ્હી તા. ૮: ભારતમાં ૧ એપ્રિલ, ૨૦૨૬થી પહેલીવાર ડિજિટલી વસ્તી ગણતરી શરૂ થશે આ માટેનુ નોટિફિકેશન જાહેર થયું છે.

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે બુધવારે ઐતિહાસિક 'વસ્તી ગણતરી ૨૦૨૭'ના પ્રથમ તબક્કા માટે સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યું છે.

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-MAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

આ વસતી ગણતરી ભારતની પ્રથમ સંપૂર્ણપણે ડિજિટલ વસતી ગણતરી હશે, જેની પ્રક્રિયા ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ વચ્ચે હાથ ધરવામાં આવશે.

અગાઉ વર્ષ ૨૦૨૧માં થનારી આ દાયકાની ગણતરી

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

**મહિનાઓ સુધી પરસ્પર પ્રહારો કર્યા પછી હવે ઈલૂ ઈલૂ ?**

# ટ્રમ્પનું ટ્વિસ્ટ: કોલંબિયાના પ્રેસિડેન્ટ ગુસ્તાવો પેટ્રો સાથે ટેલિફોનિક વાટાઘાટો!

*વોશિંગ્ટન તા. ૮: પહેલા ધમકી પછી ટેલિફોનિક વાટાઘાટો થઈ અને ટ્રમ્પ અને કોલંબિયાના પ્રમુખના સંબંધોમાં ટ્વિસ્ટ આવ્યું છે. ટ્રમ્પે ગુસ્તાવો પેટ્રોને અમેરિકા આવવા આમંત્રણ આપ્યું છે.*

## ટ્રમ્પની ફૂદરડી ફરી: ચેતવણી પછી ચાંપલુસી: પેટ્રોને અમેરિકા આવવાનું આમંત્રણ !

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રો વચ્ચેના અત્યંત વણસેલા સંબંધોમાં એકાએક મોટો વળાંક આવ્યો છે. મહિનાઓ સુધી એકબીજા પર ગંભીર આરોપો લગાવ્યા પછી બંને નેતાઓ વચ્ચે પહેલીવાર ફોન પર વાતચીત થઈ છે.

ટ્રમ્પે આ વાતચીતને 'સન્માનની વાત' ગણાવી છે અને બન્ને નેતાઓ હવે રૂબરૂ મુલાકાત કરવા પણ સંમત થયા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર ટ્રમ્પે કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રો સાથે થયેલી વાતચીતની વિગતો શેર કરી હતી. તેમણે લખ્યું, 'કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રો સાથે વાત કરવી સન્માનની વાત હતી. તેમણે ડ્રગ્સ અને અન્ય તફાવતો પર અમારા વલણને સ્પષ્ટ કર્યું.

બીજી તરફ કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ બોગોટામાં તેમના સમર્થકોને જણાવ્યું હતું કે, વાતચીત દરમિયાન વેનેઝુએલાનો મુદ્દો પણ ઊઠાવવામાં આવ્યો હતો. આ ફોન કોલને મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે થોડા દિવસો પહેલાજ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે અમેરિકા કોલંબિયામાં લશ્કરી રીતે હસ્તક્ષેપ કરી શકે છે.

ઉલ્લેખનિય છે કે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રો વચ્ચેના સંબંધો છેલ્લા એક વર્ષમાં અત્યંત નિમ્ન સ્તરે પહોંચ્યા હતાં. ટ્રમ્પે અગાઉ પેટ્રોને 'બીમાર' અને 'કોકેઈન તસ્કર' કહ્યા હતાં.

આ ઉપરાંત અમેરિકાએ પેટ્રોના વિઝા રદ્દ કર્યા હતાં અને કોલંબિયાને ડ્રગ્સ વિરોધી યુદ્ધના ભાગીદાર દેશોની યાદીમાંથી બહાર કરી દીધું હતું.

આ ફોન કોલ એવા સમયે થયો છે જ્યારે લેટિન અમેરિકામાં ભારે અસ્થિરતા છે. ૨૦૨૬ ની શરૂઆતમાં જ અમેરિકાએ વેનેઝુએલા પર હવાઈ હુમલા કરી પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીની ધરપકડ કરી છે. હાલ તેઓ ન્યૂયોર્કની જેલમાં ડ્રગ્સ હેરફેરના આરોપોનો સામનો કરી રહ્યા છે. માદુરોની ધરપકડ પછી કોલંબિયા સાથેના સંબંધો સુધારવાનો ટ્રમ્પનો પ્રયાસ વ્યૂહાત્મક હોવાનું માનવામાં આવે છે. નિષ્ણાતો માને છે કે ટ્રમ્પ હવે કોલંબિયાને ડરાવવાને બદલે તેને પોતાની ડ્રગ્સ વિરોધી નીતિમાં ફરી સામેલ કરી લેટિન અમેરિકા પર પોતાનો પકડ મજબૂત કરવા માગે છે.

**સ્ટોપીંગ રશિયા'સ એગ્રેસન એકટ-૨૦૨૫ ત્યાંની સંસદમાં પસાર થતા જ બનશે કડક કાયદો: ટ્રમ્પને મળશે અમર્યાદિત સત્તા ?**

# ભારત સામે ૫૦૦ ટકા ટેરિફ લગાવશે ટ્રમ્પ: અમેરિકાની સંસદમાં રજૂ થશે દ્વિપક્ષિય બિલ

*વોશિંગ્ટન તા. ૮: આવતા અઠવાડિયે અમેરિકાની સંસદમાં સ્પોટીંગ રશિયા'સ એગ્રેસન એક્ટ ૨૦૨૫ નામના કાયદાનું બિલ રજૂ થશે, જેથી ટ્રમ્પને અમર્યાદ સત્તાઓ મળશે અને તે પછી ભારત પર ટ્રમ્પ ૫૦૦ ટકા ટેરિફ લગાવશે, તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. હકીકતે આ બિલ રશિયાને નબળુ પાડવા દ્વિપક્ષિય સમજૂતિથી રજૂ થનાર છે.*

## વિશ્લેષકોના મતે આ બિલ પસાર થતા જ રશિયાને આર્થિક ફટકો પડશે: આ બિલ વૈશ્વિક સંબંધોમાં નવા સમીકરણો સર્જશે

આગામી દિવસોમાં ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં કડવાશ આવી શકે છે. અમેરિકા તેની સંસદમાં એક એવું બિલ રજૂ કરવા જઈ રહ્યું છે, જે જો પસાર થઈ જશે તો ભારત માટે રશિયા પાસેથી તેલ ખરીદવું ખૂબ જ મોંઘું સાબિત થઈ શકે છે.

આ બિલ હેઠળ ભારત પર ૫૦૦% સુધીનો જંગી ટેરિફ લાગી શકે છે. અમેરિકાનું આ પગલું રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના દબાણના ભાગરૂપે લેવાઈ રહ્યું છે. અમેરિકામાં રશિયા વિરૂદ્ધ 'રશિયા પર પ્રતિબંધ લગાવવાનો અધિનિયમ ૨૦૨૫' નામનો એક નવો અને


કડક પ્રતિબંધ કાયદો તૈયાર થઈ રહ્યો છે.

આ દ્વિપક્ષીય બિલ રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામ અને ડેમોક્રેટિક સેનેટર રિચર્ડ બ્લુમેન્ટલ દ્વારા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની બેઠક બાદ સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે અને તેને વ્હાઈટ હાઉસની મંજૂરી પણ મળી ગઈ છે.

આ કાયદા હેઠળ, જો રશિયા શાંતિ વાટાઘાટોમાં સહયોગ નહીં કરે અથવા કોઈ સમજૂતીનું ઉલ્લંઘન કરશે, તો અમેરિકાને એવા દેશો પર ભારે ટેરિફ લગાવવાનો અધિકાર મળશે જે રશિયા પાસેથી ઉર્જા ઉત્પાદનો ખરીદે છે. આ બિલની સૌથી કડક જોગવાઈ અનુસાર, રશિયા પાસેથી તેલ, ગેસ, યુરેનિયમ કે અન્ય ઉર્જા ઉત્પાદનો ખરીદનારા દેશોના અમેરિકી આયાત પર ૫૦૦% સુધીનો ટેરિફ લગાવી શકાય છે.

આ સ્થિતિમાં ભારત ખાસ નિશાના પર રહેશે, કારણ કે યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી ભારતે પોતાની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદ્યું છે. જો આ નવું બિલ લાગુ થશે, તો ભારતને અમેરિકન ટેરિફનો સામનો કરવો પડી શકે છે, જેનાથી ભારત-અમેરિકાના વેપાર સંબંધો પર નકારાત્મક અસર પડવાની પૂરી આશંકા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અગાઉ સંકેત આપ્યા હતા કે જો ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે, તો અમેરિકા ટેરિફ વધારી શકે છે. વિશ્લેષકોનું માનવું છે કે આ પગલું રશિયાને આર્થિક રીતે નબળું પાડશે, પરંતુ તેનાથી વૈશ્વિક ઉર્જા બજારમાં અસ્થિરતા અને મિત્ર દેશો વચ્ચે તણાવ પણ વધી શકે છે. હવે અમેરિકી સેનેટમાં આ બિલ પર આવતા અઠવાડિયે મતદાન થવાનું છે, જે આંતરરાષ્ટ્રીય સંબંધોની નવી દિશા નક્કી કરશે.

ઉલ્લેખનિય છે કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણાં દેશો સામે આક્રમક વલણ અપનાવ્યું છે. વેનેઝુએલા સામે લશ્કરી કાર્યવાહી કર્યા પછી, ટ્રમ્પ હવે ભારત, બ્રાઝિલ અને ચીન પર ફરીથી ટેરિફ લાદવાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર બંને દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાની યોજના ધરાવે છે.ટ્રમ્પ વહીવટીતંત્રે એક બિલને મંજૂરી આપી છે જેના હેઠળ ભારત, બ્રાઝિલ અને ચીન પર ૫૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. પરિણામે, ત્રણેય દેશોએ અમેરિકન નિકાસ પર વધારાનો ૫૦૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે.

હાલમાં, અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે.

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

